## કૌશલ્ય વર્ધન કેન્દ્રો શું છે ?

રાજ્યમાં થઈ રહેલા ઝડપી વિકાસને જોતા આર્થિક અને સામાજિક વિકાસની સાથે સાથે કૌશલ્ય વિકાસ ધરાવતું માનવબળ ગુજરાતની જરૂરિયાત છે.

આ જ્ઞાનશક્તિના યુગમાં ગુજરાતનો યુવાન માત્ર દેશના અન્ય રાજ્યો સાથેની નહીં, પરંતુ વિદેશો સાથેની સ્પર્ધામાં પણ શ્રેષ્ઠ પુરવાર થાય તેવી કૌશલ્ય તાલીમ આપવા માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. હુન્નર કૌશલ્ય તાલીમના વિકાસ માટે રાજ્યના યુવાધનને ગ્રામ્યકક્ષાએ ઘર આંગણે તાલીમ મળી રહે તે માટે "કૌશલ્ય વર્ધન કેન્દ્ર" યોજના અન્વયે ૩૦૦ કૌશલ્ય વર્ધન કેન્દ્રો શરૂ કર્યા છે.

## કૌશલ્ય વર્ધન કેન્દ્ર-કોના માટે ?

- રાજ્યના ૧૦ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામ અને ૭ હજારથી વધુ વસ્તી ધરાવતા અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિના વિસ્તાર ધરાવતા અર્બન વિસ્તારના ગામોનો સમાવેશ કરી સંગઠીત ક્ષેત્રની સાથેસાથે અસંગઠીત ક્ષેત્રમાં કૌશલ્ય ધરાવતા કે ન ધરાવતા ગરીબ, અલ્પશિક્ષિત ગ્રામજનોને તથા ખાસ કરીને મહિલાઓને વિવિધ કૌશલ્યના અભ્યાસક્રમો દ્વારા કૌશલ્યસભર બનાવવા રોજગારી/સ્વ-રોજગારી માટે તાલીમબદ્ધ કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. વંશપરંપરાગત ધંધાવાળા, પૂરતુ શિક્ષણ પ્રાપ્ત ન કરી શકનાર, ધો-૫ પછી શાળાનું ભણતર છોડી દેનાર અને જેની પાસે હુન્નર કૌશલ્ય છે, પરંતુ પ્રમાણપત્ર નથી તેવા જનસમુદાયને ઘરઆંગણે તાલીમ આપી પ્રમાણિત કરવાનો આ યોજનાનો ઉદ્દેશ છે.





## યોજનાનું અમલીકરણ

- રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં ૧૫૦ કૌશલ્ય વર્ધન કેન્દ્રોથી શરૂઆત કરવામાં આવી છે. જેને યુવાનોએ ખૂબ ઉત્સાહથી પ્રતિસાદ આપ્યો છે.
- આ વર્ષે બીજા ૧૫૦ કૌશલ્ય વર્ધન કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.
- ૬ થી ૭ ગામોના ગ્રામ્ય સમૂહના અભિગમથી વાર્ષિક એક લાખ ઉમેદવારોને તાલીમબદ્ધ કરવાની નેમ છે.
- પ્રથમ વર્ષે શરૂ થયેલ ૧૫૦ કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં ૧,૧૬,૫૬૫ યુવક/યુવતિઓએ તાલીમલીધેલ છે તે પૈકી ૫૫,૦૦૦ યુવતિઓએ લાભ લીધો છે.
- આ યોજનામાં WISH (W=Women Oriented, I=Industry Oriented, S=Soft Skill અને H=Hard Core Traditional Courses) અભિગમ હેઠળ ૭૦ પ્રકારના જુદા જુદા વ્યવસાયોની સ્થાનિક જરૂરિયાત મુજબ તાલીમ આપવાની જોગવાઈ છે.

## હુન્નર કૌશલ્યની તાલીમની વિશેષતા

- અદ્યતન સુવિધાઓ ધરાવતું તાલીમ કેન્દ્ર.
- ધોરણ–૫ પાસ ૧૪ વર્ષ કે તેથી વધુ ઉંમરના યુવકો/યુવિતિઓને પ્રવેશ.
- અનુકુળતા પ્રમાણે બેચ અને સમયની ગોઠવણ.
- અુનભવી પ્રશિક્ષકો દ્વારા તાલીમ આપવાની વ્યવસ્થા.
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, મહિલાઓ, અપંગ તથા બી.પી.એલ. ઉમેદવારોને કોઈ જ તાલીમ ફી નહીં.
- અન્ય ઉમેદવારો માટે રૂા. ૫૦/– માસિક નજીવી ફી.
- આઈ.ટી., ઓટોમોબાઈલ, એગ્રીકલ્ચર, બ્યુટીકલ્ચર, હેર ડ્રેસીંગ, ઈલેકટ્રિકલ, ફેબ્રિકેશન, ગારમેન્ટ મેકીંગ, સોફ્ટ સ્કીલ (કોમ્પ્યુટર વિ.), ઈલેક્ટ્રોનિક્સ, કન્સ્ટ્રક્શન, રેફ્રીજરેશન એન્ડ એરકન્ડીશનીંગ સેક્ટરને લગતા ટુંકાગાળાના વ્યવસાયોમાં કુલ ૭૦ જેટલા હુન્નર કૌશલ્યની તાલીમ.
- ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ (GCVT), ગાંધીનગર દ્વારા તાલીમ બાદ પ્રમાણપત્ર.







બેઝીક બ્યુટી એન્ડ હેર ડ્રેસીંગ વ્યવસાય




**રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**
**(ISO 9001 : 2008 પ્રમાણિત સંસ્થા)**
**બ્લોક : ૧ અને ૮, બીજો/ત્રીજો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦**
**ફોન : (૦૭૯) ૨૩૨૫૩૮૧૦ ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૩૮૩૫**
**www.talimrojgar.org**

**વધુ માહિતી માટે નજીકના કૌશલ્ય વર્ધન કેન્દ્રનો અથવા**
**ઔદ્યોગિક તાલીમ સંસ્થા (I.T.I.) નો સંપર્ક કરો.**